# ડીસા પંથકમાં ધો. ૧૧નું અંગ્રેજીનું પેપર લીક : પરીક્ષા રદ કરાઈ

## પેપર લીક કરનાર વરણ હાઈસ્કૂલના શિક્ષકની અટકાયત

ડીસા
બનાસકાંઠાની શૈક્ષણિક સંસ્થાઓમાં હાલ પરીક્ષાઓ ચાલી રહી છે ત્યારે ડીસા તાલુકાની શિક્ષકની પણ અટકાયત કરી લેવાઈ છે.આ ઘટનાની વિગતો કઈક એવી છે કે ડીસા તાલુકાની માધ્યમિક શાળાઓમાં આજે અટકાયત કરી શિક્ષણ વિભાગે દોષિત શિક્ષકની કડક પૂછપરછ હાથ ધરી છે.આ પ્રકરણમાં દોષિત શિક્ષક સાથે શાળા સામે પણ કડક



માધ્યમિક શાળાઓ માટેનું અગિયારમા ધોરણનું અંગ્રેજી વિષયનું પેપર લીક થવાનો ચોંકાવનારો મામલો પ્રકાશમાં આવતા શિક્ષણ જગતમાં ખળભળાટ મચી ગયો છે અને આ ઘટનાને ગંભીરતાથી લઈ શિક્ષણ વિભાગે અંગ્રેજી વિષયની પરીક્ષા રદ કરી દઈ આગામી ૧૯ એપ્રિલે ફરી અંગ્રેજી વિષયની પરીક્ષા લેવાનો નિર્ણય કર્યો છે.આ પ્રકરણમાં પેપર લીક કરનાર અગિયારમા ધોરણની અંગ્રેજી વિષયની પરીક્ષા શરૂ થાય તે પૂર્વે જ અંગ્રેજીનું પેપર સોશિયલ મીડિયામાં ફરતું થઈ જતા શિક્ષણ વિભાગમાં દોડધામ મચી ગઇ હતી.આ મામલાને ગંભીરતાથી લઈ તુરંત તપાસની તજવીજ હાથ ધરાતાં ડીસા તાલુકાના વરણ ગામની મહાકાળી માધ્યમિક શાળાના શિક્ષક ભમરાજીએ આ પેપર લીક કર્યું હોવાની વિગતો બહાર આવતા આ શિક્ષકની કાર્યવાહી કરાય તેવું જણાઈ રહ્યું છે. દરમ્યાન, આજે અંગ્રેજી વિષયની પરીક્ષા શરૂ થાય તે પૂર્વે જ અંગ્રેજીનું પેપર લીક થઇ જતા ડીસા તાલુકાની ૫૨ શાળાઓમાં આજે લેવાયેલી અંગ્રેજી વિષયની પરીક્ષા રદ કરી દેવાઈ છે અને હવે આગામી ૧૯ તારીખે અંગ્રેજી વિષયની પરીક્ષા ફરીથી લેવાનો નિર્ણય કરાયો છે.પેપર લીક થવાના આ મામલાથી શિક્ષણ વિભાગમાં ખળભળાટ મચી ગયો છે.

# શિહોરી-દિયોદર નાળા પાસે આવેલા ખેતરમાંથી તમાકુની ચોરી

## ખેડૂત ગરીબ પરિવારની ૪૧ હજારની તમાકુ અજાણ્યા ચોરો લઈ જતા શિહોરી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ

કાંકરેજ, તા. ૫
પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ તાલુકાના મુખ્ય મથક શિહોરીમાં થોકબંધ ચોરીઓ થયેલ છે. અને તેની તપાસ પણ જાણે કરાતી જ ન હોય એમ ફરિવાર એક તમાકુની ચોરીનો બનાવ સામે આવ્યો છે. જો કે ફરિયાદી બ્રાહ્મણ દાનસુંગભાઈ બાવાભાઈ રહે. લક્ષ્મીનગર શિહોરીવાળાએ શિહોરી પો.સ્ટે. ગુના નં. ૧/૨૭/૨૦૧૮ આઈપીસીકલમ ૩૭૯ મુજબનો ગુનો દાખલ કરાવેલ. તા. ૨૫-૪-૨૦૧૮ના રોજ જે કુવાવાળા તરીકે ઓળખાતા ખેતરમાં ચાલુ વર્ષે તમાકુનું વાવેતર કરેલ જે તમાકુ પાક લઈ ખેતરમાં બોરીઓનો જથ્થામાંથી રાખેલ જથ્થાથી કોઈ અજાણ્યા લોકો ૪૧ બોરીની ચોરી કરી લઈ જતા ગરીબ ખેડૂત ઉપર આભ ફાટી નીકળ્યુ છે. જોકે રાત્રે દિયોદર શિહોરી નાળા પાસે પોઈન્ટ હોય તો આવા ચોરોનો



સહેલાઈથી ઝડપી શકાય. પરંતુ શિહોરી પોલીસ સ્ટેશનમાં પોલીસની ઘટ રહેવા પામી છે. અને ચોરી કેબલ ચોરીઓમાં કેટલીય ફરિયાદો છે પરંતુ શિહોરી પોલીસે કોઈનો કેબલ પાછો નથી લાવી આપ્યો. એમને રસીદો આપી દારૂ અને જુગારીની રેડમાં તોડ કરી સામાન્ય કેસ કરી રફેદફે મામલો પૂરો પત્રમ પુષ્પમનો વ્યવહાર અને નધણીયાત આ શિહોરીનું પોલીસ સ્ટેશન બની ગયુ છે. એક વિવાદનું પોલીસ સ્ટેશન લોકો ફરિયાદ માટે જાય છે ત્યારે પીએસઓથી માંડી પટ્ટાવાળા સુધી પાસેથી કાગળના નામે તો ક્યાંક છાપ આપવાના બહાને રોકડી કરવામાં આવે છે. એકબાજુ રાત્રે પેટ્રોલીંગમાં પોલીસ જાય પણ ક્યાં કે જ્યાં રોકડી થાય ત્યાં પરંતુ શિહોરી-દિયોદર રોડ ઉપર કોઈ ભાગ્યે જ પોલીસ જોવા મળે અને એમાં રાત્રે તો નહિ. આમ પોલીસ હવે શિહોરીની ગરીબ બ્રાહ્મણની ૪૧ બોરી તમાકુના રૂપિયા ૪૧૦૦૦ થાય છે. આવા નાના માણસ સામે આવેલ આફતને પોલીસ ન્યાય અપાવશે કે પછી અગાઉ થયેલ ચોરીના ભેદ હજુ ખુલ્યા નથી ત્યાં આ એક નવો બનાવ સામે આવતા શિહોરી પીએસઆઈ અને પોલીસ સામે અનેક સવાલો ઉભા થવા પામ્યા છે.

# ઊંઝામાંથી દારૂનો મોટો જથ્થો ઝડપાયો

ઊંઝા, તા. ૫
વેપારીમથક અને યાત્રાધામ ઊંઝા શહેરમાં ડાભીયાના ખાંચામાં આવેલ એક રહેણાંક મકાનમાં મહેસાણા એલસીબી પોલીસે દરોડો પાડી પરપ્રાંતની બનાવટની ઈંગ્લીશ દારૂની બાટલીઓનો જથ્થો તથા બિયરના ટીન મળી કુલ ૨,૮૫,૩૦૦ની કિંમતની મત્તાનો મુદ્દામાલ કબજે કરી આ સંદર્ભે સ્થાનિક બે શખ્સો વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી છે.

વિગત એવી છે કે, ઊંઝા ખાતે ડાભીયાના ખાંચામાં આવેલ એક રહેણાંક મકાનમાં ગેરકાયદેસર દારૂનો જથ્થો રાખેલ હોવાની બાતમીના આધારે મહેસાણા લોકલ ક્રાઈમ બ્રાંચે સાંજના સમયે અચાનક દરોડો પાડ્યો હતો. જ્યાં મકાનની અંદરથી પરપ્રાંતની બનાવટના ઈંગ્લીશ દારૂની ૧૨૭૩ નંગ બાટલીઓ તથા બિયરના ટીન નંગ-૬૦૦ મળી આવતાં પોલીસે કુલ રૂપિયા ૨,૮૫,૩૦૦ની કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ સમયે એક આરોપી ફરાર થઈ ગયો હતો. જ્યારે બીજો આરોપી ઘરે હાજર મળી આવ્યો ન હતો.

આ અંગે મહેસાણા એલસીબી પોલીસે ઊંઝા પોલીસમથકે બે શખ્સો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે પટેલ પિયુષ ઉર્ફે બાબુભાઈ જયંતિભાઈ તથા પટેલ નરેશ બાબુલાલ બંને રહે. ઊંઝા સામે પ્રોહિબીશન એક્ટ મુજબ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

જ્યારે આજે સવારે મહેસાણા એલસીબીએ શહેરના સટ્ટા હોલની બાજુમાં ભેમાતપોળ મહોલ્લાની બાજુમાં રહેતા પટેલ નિલેશ મણીલાલ નારણદાસના રહેણાંક મકાનમાં પવન ઈન્દ્રમલ મારવાડી રહે. ઊંઝાએ દારૂ અને બિયરનો જથ્થો ઉતારી તેનુ વેચાણ કરી રહેલ છે. તેવી હકિકતના આધારે સદર મકાનમાં દરોડો પાડી મકાનની અંદર બેડરૂમની દિવાલે મોટા કબાટની અંદર છૂપાવેલ દારૂની ૯૬ નંગ બાટલીઓ તથા બિયરના ટીન નંગ ૨૦૭ કિંમત રૂપિયા ૬૩,૯૦૦નો મુદ્દામાલ કબજે કરી સ્થળ પરથી પટેલ નિલેશ મણીલાલને ઝડપી લીધો હતો. આ અંગે પોલીસે દારૂના ધંધાર્થી પવન ઈન્દ્રમલ મારવાડી અને નિલેશ પટેલ વિરૂદ્ધ પ્રાહિ. એક્ટ મુજબ ગુનો દાખલ કરી વધુ તપાસ આરંભી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ઊંઝા અને ઉનાવા પોલીસમથકોની હદમાં છેલ્લા ઘણા વખતથી દેશી વિદેશી દારૂ, જુગારના અડ્ડાઓ, નશીલા પદાર્થોનુ વેચાણ તેમજ અન્ય સમાજ વિરોધી બદીઓ અનિયંત્રિતપણે ફૂલીફાલી હોઈ લોકો ત્રાસ પોકારી ઉઠ્યા છે.

# મોડાસા નજીકના ફાર્મ પર પરિવાર સાથે રહેતી મહિલા પર ઘાતકી હુમલો

## અજાણ્યા શખ્સે કોઈ કારણોસર હુમલો કરી અર્ધનગ્ન હાલતમાં છોડી ફરાર

મોડાસા.તા.૫
અરવલ્લીના મોડાસા નજીકના ફાર્મ પર છેલ્લા ૯ વર્ષથી ખેતરમાં કામ કરવા આવેલ



છોટાઉદેપુર જિલ્લાના પાવીજેતપુર તાલુકાના ચિચોડ ગામના પરિવારની ૪૦ વર્ષીય મહિલા ઉપર મંગળવારના બપોરે બે વાગ્યાની આસપાસ મહિલાનો પતિ ખેતરમાં ટ્રેક્ટર લઈ મજૂરી અર્થે ગયેલ તે સમયનો કોઈ અજાણ્યો શખ્સ ફાર્મ પરના મકાનમાં ગુસી આવી કોઈ કારણસર મહિલા પર હુમલો કરી લૂંટ ચલાવી ફરાર થઈ ગયો હતો.

બાજુના ખેતરમાં ખેતમજૂરી કરતા ભોગ બનનાર મહિલાના સાગા આવ્યા તે સમયે મહિલા લોહીલુહાણ હાલતમાં જોઈ તે પણ ચોંકી ઉઠી હતી અને ભોગ બનનારના પતિને જાણ કરતા ત્યાંથી સાર્વજનિક હોસ્પિટલ ખાતે લઈ જવાઈ હતી પરંતુ મહિલાના માથાના ભાગે ગંભીર ઈજા હોવાથી હાજર ડોક્ટરે પ્રાથમિક સારવાર આપી અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવાની ફરજ પાડી હતી, હાલ તો મહિલા જીવન મરણ વચ્ચે જોલા ખાઈ રહી હોવાની વિગતો પ્રાપ્ત થઈ છે. ભોગ બનનાર મહિલા સાથે કોઈ અઘટિત ઘટના તો ગટી નથી તે દિશામાં મોડાસા ટાઉન પોલીસ સ્ટેશના પીઆઈ ડી.આર ભાટિયાએ સમગ્ર બનાવની તાપસ આરંભી દીધી છે.

મહિલા પર કોઈ અજાણ્યા શખ્સે કુકર્મ આચરી પુરાવો નાશ કરવાના ઈરાદે મહિલાના માથે ઘાતકી ઘા મારી ત્યાંથી ફરાર થઈ ગયો હતો.બનાવ બાદ ભોગ બનનારના સંબંધી ના જણાવ્યા મુજબ જયારે ઘરમાં પ્રવેશી ત્યારે મહિલા અર્ધનગ્ન હાલતમાં જણાવી આવેલ.અને લોહી લુહાન અને શરીર પરના ઘરેણાંની લૂંટ કરી શારીરિક હુમલો કર્યાના આશંકા વ્યેક્ત કરી હતી પોલીસે ભોગ બનનાર મહિલાના પતિની ફરિયાદ લઈ આરોપી સુધી પહોંચવા ચક્રોગતિમાન કર્યા છે.

### પાલનપુરના માનસરોવર તળાવમાં ઝંપલાવતી મહિલા

પાલનપુરના માનસરોવર તળાવમાં એક ૨૩ વર્ષીય મહિલાએ અગમ્ય કારણોસર ઝમપલાવ્યું હતું. જોકે, સ્થાનિક તરવૈયાઓની જહેમત થકી મહિલાનો આપઘાત નો પ્રયાસ નાકામ રહ્યો હતો. પાલનપુરના હરિપુરા વિસ્તારની ૨૩ વર્ષીય મહિલા પિંકીબેન સોનજીભાઈ પટણીએ કોઈ અગમ્ય કારણોસર જીવન ટૂંકાવવાનો પ્રયાસ કર્યો હતો. આ મહિલાએ પાસેના માનસરોવર તળાવમાં પડતું મુક્યું હતું. જોકે, સ્થાનિક તરવૈયાની મદદથી મહિલાને હેમખેમ બહાર કઢાતા તેનો જીવ બચી ગયો હતો. દરમિયાન, તળાવમાંથી બહાર કઢાયેલી મહિલાને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી.

# પાલનપુર પાલિકા અને સિવિલ હોસ્પિટલના સત્તાધીશો વચ્ચે ચાલતો વસુલાતનો વિવાદ વકર્યો

## ૪૫ લાખ સિવિલ હોસ્પિટલ પાસેથી બાકી વેરાના લેવાના બાકી છે : ચીફઓફીસર

## ૫૦ લાખ પાલિકા પાસેથી વૈદ્યકીય ફાળા પેટે લેવાના બાકી છે : સિવિલ સર્જન

જીલ્લા મથક પાલનપુરમાં નગરપાલિકા અને સિવિલ હોસ્પિટલના વેરા વસુલાતના







વિવાદને વર્ષો વીતવા છતાં હજુ સુધી અંત આવ્યો નથી પાલિકાને સિવિલ હોસ્પિટલ પાસેથી ૪૫ લાખની વેરા વસુલાત લેવાના બાકી છે જયારે સિવિલને વૈદ્યકીય વસુલાત પેટે ૫૦ લાખ પાલિકાના પાસેથી લેવાના બાકી છે જેના લીધે પાલિકા અને સિવિલ હોસ્પિટલ આ બન્નેની આ વસુલાતનો વિવાદ સરકારી કાગળ પર ચાલી રહ્યો છે આરોગ્યની સેવા પુરી પાડતી પાલનપુર સિવિલ હોસ્પિટલને ૪૫ લાખના બાકી વેરાને લઈને સીલ મારવાની કાયદાકીય કાર્યવાહી કરવામાં પાલિકાના હાથ બંધાયેલા છે ત્યારે નિયમ પ્રમાણે પાલિકાની કોઈ હોસ્પિટલ ના હોય તો આવક પ્રમાણે ચાર ટકા સિવિલ હોસ્પિટલને વૈદ્યકીય ચાર્જ ચુકવાનો હોવાથી હાલ સુધીમાં અંદાજિત ૫૦ લાખ જેટલી રકમ સિવિલ હોસ્પિટલને પાલિકા પાસેથી લેવાની બાકી છે પાલનપૂર નગરપાલિકાના ચીફ ઓફિસર પંકજ બારોટે પત્રકારો સાથની વાતચીતમાં જણાવ્યું હતું કે પાલનપુર નગરપાલિકાને વૈદ્યકીય ચાર્જ સિવિલ હોસ્પિટલને ચુકવાનો કોઈ નિયમ નથી. હાલમાં સિવિલ હોસ્પિટલ પાસે કરવેરા પેટે ૪૫ લાખ જેટલી રકમ લેવાની છે જેની ઉચ્ચ કક્ષાએ રજુઆત પણ કરી છે જો કે આરોગ્ય સેવા આપતી સિવિલ હોસ્પિટલને બાકી વેરાને લઈને સીલ મારવી એ પ્રજા માટે યોગ્ય નથી. વેરા અને વૈદ્યકીય વસુલાત અને લઈને પાલનપુર નગરપાલિકા અને સિવિલ હોસ્પિટલનો વિવાદ કાયમી ઉકેલ આવે તેવું હાલમાં લાગતું નથી. સિવિલ સર્જન એમ.એસ. પટ્ટીવાળાએ પણ પત્રકારો સાથેની વાતચીત જણાવ્યું હતું કે પાલિકા પહેલા અમારા ૫૦ લાખથી વધુ વધદકીય ચાર્જ જમા કરવો અને પછી સિવિલ હોસ્પિટલના બાકી વેરા વસુલાત માંગણી કરવી જોઈએ. ઉલ્લખનીય છે કે હાલમાં પાલનપુર સિવિલ હોસ્પિટલને ટ્રસ્ટના હવાલે સોંપાઈ રહી છે ત્યારે પાલિકા અને સિવિલ હોસ્પિટલનું બાકી વસુલાત વિવાદનો અંત આવશે કે પછી વિવાદ દફતરે થશે તે સમય જ બતાવશે.

### ચિત્રાસણી પુલ પર ધી બર્નિંગ ટ્રક

પાલનપુર-આબુ હાઈવે પે ચિત્રાસણી પાસે એક ટ્રકમાં અચાનક આગ લાગી હતી. જેને પગલે ટ્રાફિક જામ થઈ ગયો હતો. ચિત્રાસણી પાસે પુલ પર એક ટ્રકમાં અચાનક આગ લાગતા ધી બર્નિંગ ટ્રકને જોવા લોકો ટોળે વળ્યાં હતા.



આ ટ્રકમાં શોર્ટ સર્કિટ થી આગ લાગી હોવાનું અનુમાન થઈ રહ્યું છે.



આગામી ૬ઠ્ઠી એપ્રિલના રોજ ભાજપના સ્થાપના દિનની ઉજવણીના ભાગરૂપે આજે અરવલ્લી જિલ્લા ભાજપ કચેરીએ મોડાસા તાલુકાના તમામ શક્તિ કેન્દ્રોના કાર્યકરોની બેઠક જિલ્લા મહામંત્રી શામળભાઈ પટેલ અને પ્રભારી ગુલાબચંદભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાતા આ બેઠકમાં સ્થાપના દિન ઉજવણી સંદર્ભે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તાલુકા સંગઠનના પ્રમુખ હસમુખભાઈ પટેલ, મહામંત્રી અંકિતભાઈ અને મહામંત્રી વસંતભાઈ પટેલ સહિતના હોદ્દેદારો દ્વારા માર્કેટયાર્ડમાં તાજેતરમાં ચૂંટાયેલા ડિરેકટર શામળભાઈ પટેલ તથા રતિભાઈ પટેલ અને સહકારી જીનમાં ડિરેકટર જયંતીભાઈ પટેલનું ખેસ પહેરાવી સન્માન કર્યું હતું. જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ પ્રભુદાસ પટેલ વગેરે પણ ઉપસ્થિત રહ્યા હતા.

# કાંકરેજ તાલુકાના આકોલી ગામે વય નિવૃત્ત શિક્ષિકાનો વિદાય સમારોહ યોજાયો

કાંકરેજ તાલુકાના આકોલી પટેલ વાસ પ્રાથમિક શાળામા સતત ૩૨ વર્ષ સુધી ફરજ બજાવનાર જોષી



વિધ્યાબેનના વિદાય સમારોહમા કાંકરેજ ધારાસભાના કીર્તિસિંહ વાઘેલા,વર્ધીલાલ મકવાણા. કાંકરેજ તાલુકા પંચાયત પ્રમુખ સજ્જનસિંહ ચૌહાણ મામલતદાર કાંકરેજ ભારતસિંહ ભટેસરીયા મહામંત્રી બનાસકાંઠા દિનેશ દવે પૂર્વ પ્રમુખ જિલ્લા પંચાયત બનાસકાંઠા દિનેશ ઠક્કર પ્રમુખ કાંકરેજ કોંગેસ હંસપૂરી ગૌસ્વામી સમુંજી ડાભી શિહોરી સરપંચ ગાંડાજી વાઘેલા આકોલી સરપંચ વીજુભા વાઘેલા શિક્ષણ વેઈદ પૂર્વ સરપંચ હેમુભા વાઘેલા કોર કમિટી મેમ્બર ઑફ ગુજરાત બનેસિહ વાઘેલા પૂર્વ ડેપ્યુટી સરપંચ તાલુકાના કર્મચારીઓ શિક્ષકો કમલેશભાઈ દેસાઈ બીટ કેની સરતાનભાઈ દેસાઈ રામજી દેસાઈ આકોલી પૂર્વ સરપંચ દિનેશ શાહ સર્વોદય કેળવણી મંડળ મંત્રી આકોલી સુદીપ શાહ તાલુકા વિકાસ અધિકારી મહેસાણા પુનુભા વાઘેલા કીતુભા વાઘેલા બચુભા વાઘેલા બાબરભાઈ કાળુભાઈ પટેલ ભરતભાઈ જોષી પ્રમુખ બજરંગ દળ સહિતના અગ્રણીઓ અને પદાધિકારીઓ સહિત મોટી સંખ્યામા આકોલી ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. સ્કૂલની બાલિકાઓ દ્વારા પ્રાર્થના અને ગુજરાતી લેરી લાલાનું ગીત રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં મહિલા તાલુકા સદસ્ય હમજુબેન બલવંતજી દૂધેચાનું બિંદુબ્બા જાલાએ ફૂલહાર અને સાલથી સ્વાગત કર્યું હતું. જેમાં આવનાર તમામ આગેવાનોનું આકોલી ગ્રામજનો દ્વારા ફૂલહાર અને સાલથી સ્વાગત કર્યું હતું જેમાં આશિષ વચન સંત શિરોમણિ પરમ પૂજ્ય ચેતનગિરિ બાપુ ડોડાણાએ આપ્યું હતું. દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમ ખુલ્લો મૂક્યા બાદ કાંકરેજ તાલુકા પંચાયત પ્રમુખ વર્ધીલાલ મકવાણાએ વિદાય લઈ રહેલા વિધ્યાબેન જોષી ને શુભેચ્છા સાથે સમાજના કામમાં સહભાગી અને તેમનું આરોગ્ય સ્વસ્થ રહે અને વિધ્યાબેન જોષી ગ્રામ લોકોની લાગણીને લઈ પોતાની આંખમાંથી આંસુ રોકી નહોતા શક્યા અને સૌ કોઈની આંખો ભીની થઈ હતી અને આકોલી ગ્રામ લોકો દ્વારા રૂપિયા વીસ હજાર એકસો એક ભેટ આપી હતી.

### પાલનપુર ખાતે શ્રી પરશુરામ યાત્રાનું ભવ્ય સ્વાગત કરાયું

બ્રહ્મ પરશુરામ અખાડા જયપુર આયોજીત ભગવાન શ્રી પરશુરામ યાત્રાનું જીલ્લા મથક પાલનપુર ખાતે ઉમળકાભેર ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

ભારત વર્ષના તમામ ભુદેવોને એક સુત્રથી બાંધવાના મહાન સંપર્ક અભિયાનના ભાગરૂપે સંપુર્ણ ભારતમાં એક લાખ અગિયાર હજાર કિલોમીટર પ્રવાસ કરીને ભુદેવોનો સંપર્ક કરવાના સંકલ્પ સાથે નિકળેલી પરશુરામ યાત્રા આજરોજ જીલ્લા મથક પાલનપુર ખાતે આવી પહોંચી હતી. જે યાત્રામાં યુગલ પિઠાધિશ્વર આચાર્ય રાજેશ્વરજી મહારાજ (અધ્યક્ષ) બ્રહ્મ પરશુરામ અખાડા જયપુરનું પાલનપુર ધનિયાણા ચોકડી ખાતે સમસ્ત ભુદેવ પરિવાર દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.બાદમાં યુવાનોની આગેવાનીમાં નીકળેલી બાઇક રેલી સાથે યાત્રાનું જી.ડી. મોદી કોલેજ નજીક બ્રહ્મ સમાજની બહેનો દ્વારા પુજન કરી યાત્રાનું સામૈયું કરવામાં આવ્યું હતું.

# ડીસાની લીઓ પ્રાથમિક શાળાની શિક્ષિકાએ ત્રીજા ધોરણની બાળકીને ધીબી નાખતા વિવાદ

ડીસા, તા. ૫
બનાસકાંઠા જિલ્લામાં શિક્ષકોનો મનસ્વી વર્તનથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હોવાની ફરિયાદો ઉઠતી રહે છે. અવારનવાર શાળાના શિક્ષકો દ્વારા નાના ભૂલકાઓને માર મારવાની ઘટનાઓ પણ બનતી રહે છે અને આવી ઘટનાઓના પગલે ઉહાપોહ પણ સર્જાય છે. પરંતુ આવી ઘટનાઓ જલ્દી ભુલાઈ જાય છે તે પણ કડવી હકીકત છે.

બનાસકાંઠાના ડીસા ખાતે પણ ગતરોજ ચંદ્રલોક રોડ ઉપર આવેલ લીઓ પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા એક શિક્ષિકાએ મનમાની આચરી માસુમ વિદ્યાર્થિનીને ધીબી નાંખતા ઉહાપોહ સર્જાયો છે અને આ મામલો ચર્ચાસ્પદ બન્યો છે. પ્રાપ્ત વિગતો મુજબ ડીસા શહેરની રામકૃપા સોસાયટીમાં રહેતા વિષ્ણુભાઈ ઠાકોરની પુત્રી ડીસા ખાતે ચંદ્રલોક રોડ પર આવેલ લીઓ પ્રાથમિક શાળામાં ત્રીજા ધોરણમાં અભ્યાસ કરે છે. જો કે નાની વાતમાં આ શાળાના એક શિક્ષિકાએ ફૂલ જેવી આ માસુમ બાલિકાને ઢોર માર મારતા બાળકીની પીઠ પર સોળ ઉપસી આવ્યા હોવાના ગંભીર આક્ષેપો થઈ રહ્યા છે. આ સમાચાર લોકોમાં વાયુવેગે પ્રસરતા ડીસાની પ્રજામાં આ શિક્ષિકા સામે ફિટકારની લાગણી પ્રસરી છે. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી આ શિક્ષિકા સામે કડક પગલા લે તેવી માંગ પણ ઉઠવા પામી છે.